**<u>રાણાવાવ મુ.પક્ષી અભ્યારણ પોરબંદરના રેન્જ ગુન્હા નં. ૦૨/૨૦૨૫x૨૬ અન્વયે આરોપીઓની જામીન અરજી લગત હુકમ :–</u>**

(૧) જામીન અરજી, એફ.આઈ.આર તથા સંલગ્ન પોલીસ પેપર્સ વંચાણે લીધા,આરોપીઓના વિ.વ.શ્રીને તથા એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) આરોપીઓ સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ–૨(૧)(૩૧)(૩૬),૩૯,૪૦,૪૩,૪૪,૪૮(એ),૪૯,૪૯(બી),૫૦,૫૧, ૫૨ તથા ૫૭ મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી.એ સજાની જોગવાઈ ત્રણ થી સાત વર્ષની હોવાની રજુઆત છે. આમ સજાની જોગવાઈ ધ્યાને લેતા આરોપીઓ વિરૂદ્ધના ગુનામાં વધુમાં વધુ સાત વર્ષની સજાની જોગવાઈ છે. બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ મુજબ આરોપીઓને જામીન પર મુકત કરવાની અત્રેની કોર્ટને સતા છે તેમજ નામદાર ગુજરાત હોઈકોર્ટે વિવિધ ચુકાદાઓથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત **Bail is rule, jail is exception** તેમજ સદર ગુનાની ટ્રાયલ ચલાવવાની સતા અત્રેની કોર્ટને હોય તેમજ કેસની ટ્રાયલ ચલાવવામાં સમય જાય તેમ છે ત્યાં સુધી આરોપીઓને જેલમાં રાખવા તે તેના માટે પ્રિ–કન્વીકશન બરાબર ગણાય. હાલના આરોપીઓ સામે આવા પ્રકારના અન્ય ગુના નોંધાયેલા છે તેવી એ.પી.પી.શ્રી.ની રજુઆત નથી.

આ કામે આરોપીઓ પૈકી આરોપી નં. (૧),(૨) ૭૦ થી વધુ વર્ષના છે જયારે આરોપી નં. (૪) ૬૦ વર્ષના છે તેમજ આરોપી નં. (૩) મહિલા હોવાનું ધ્યાને રાખી તેમજ આરોપીઓ સામે આક્ષેપીત ગુન્હો ગુન્હામાં સજાની જોગવાઈ,ગુન્હાનું સ્વરૂપ તથા જામીન અરજીના ન્યાયીક નિર્ણય કરવાના તબકકે નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હોઈકોર્ટે વિવિધ ચુકાદાઓથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં સદર આરોપીઓને શરતોને આધીન જામીન પર મુકત કરવા ન્યાયોચીત જણાય છે.જેથી સદર જામીન અરજીમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:આખરી હુકમ:–</u>**

પ્રત્યેક આરોપી (૧) સીલેંડર પરાધી (૨) ચમાચમ બાય સીલેંડર (૩) કહિના જલમેહાન પવાર (૪) તનકસિંહ બાવલસિંહનાઓએ રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી

જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોએ આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) આરોપીઓએ ચાર્જશીટ દાખલ થતા સુધી દર મહીને ૧ થી ૫ તારીખ સુધીમાં પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૨) આરોપીઓએ ફરીયાદ પક્ષના કેસના સાહેદોને ધાક, ધમકી આપવી નહી કે, પુરાવા સાથે ચેડા કરવા નહી તથા પોલીસ તપાસમાં સહકાર આપવો.

(૩) આરોપીઓએ અદાલતની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૪) આરોપીઓએ તથા જામીનદારે પોતાનુ સરકારી દસ્તાવેજી પુરાવા સાથેનુ કાયમી સરનામુ મોબાઈલ નંબર સહીત રજુ કરવું અને કોર્ટને જાણ કર્યા સિવાય તેમાં ફેરફાર કરવો નહી.

**તા.૧૩/૦૩/૨૦૨૬** **(કોમલ કુનાલ રાઠોડ)**

**સ્થળ : પોરબંદર** **બીજા એડી. ચીફ જયુડીશ્યલ મજીસ્ટ્રેટ**

**પોરબંદર**

**જી.જે.૦૧૧૩૦**